CHIPS
Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0',
સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૮ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; માગશર વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશભરમાં નાગરિકતા કાયદા સામે હિંસક દેખાવો

**દેશમાં ઠેરઠેર દેખાવો : ટ્રેનો રોકાઇ : સેંકડોની અટકાયત : પોલીસ ચોકીઓ સળગાવાઇ : દેશના અનેક ભાગોમાં કલમ-૧૪૪ લાગુ : યુપી-બિહાર-બેંગ્લોર-અમદાવાદ મુંબઇ- ચેન્નાઇમાં પ્રચંડ વિરોધ પ્રદર્શન : મોબાઇલ, ઇન્ટરનેટ અને એસએમએસ સેવા બંધ કરાઇ : તોફાની તત્વોની સંપત્તિ જપ્ત કરાશે : યોગી**






નવી દિલ્હી, તા. ૧૯

નાગરિક સુધારા કાનુનની સામે દેશના જુદા જુદા ભાગોમાં આજે હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા. ઉત્તરપ્રદેશ, ગુજરાત, દિલ્હી સહિતના રાજ્યોમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. દેશભરમાં જુદી જુદી જગ્યાઓમાં દેખાવો કરાયા હતા. મેટ્રો સ્ટેશનોને બંધ કરવાની ફરજ પડી હતી. કેટલીક જગ્યાએ વ્યાપક તોડફોડ પણ થઇ હતી. નાગરિક કાનૂનને લઈને થઇ રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે આજે બંધની હાકલ કરવામાં આવી હતી જેની ઘણી જગ્યાએ માઠી અસર થઈ હતી. ટેલિકોમ ઓપરેટરોને કેટલાક વિસ્તારમાં મોબાઈલ સેવા બંધ કરવા માટે દિલ્હી પોલીસે કહ્યું હતું. સાથે સાથે મોબાઈલ સેવા એટલે કે મોબાઈલ ઈન્ટરનેટ, એસએમએસ અને વોઈસ કોલની સેવા બંધ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં પણ ઘણી જગ્યાએ જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. પ્રતિબંધાત્મક આદેશો પણ જારી કરવામાં આવ્યા હતા. વહીવટીતંત્ર તરફથી દેખાવ કરવાની કોઈને પરવાનગી અપાઈ નથી તેમ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું. બીજી બાજુ બંગાળના કેટલાક ભાગોમાં પણ દેખાવો થયા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે, સ્થિતિ કાબૂમાં છે. તોફાની તત્વોની સંપત્તિને જપ્ત કરવામાં આવશે. મોટાભાગના શહેરોમાં દેખાવો થયા હતા. પણજીમાં પણ દેખાવો કરાયા હતા. આજે લેફ્ટ વિંગ અને કેટલાક મુસ્લિમ સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના કારણે જનજીવન પર અસર થઇ હતી. બિહારના દરભંગામાં તેમજ પટણા ખાતે ટ્રેનો રોકવામાં આવી હતી. જેથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક ભાગોમાં બંધની અસર દેખાઇ હતી. જ્યારે કેટલાક ભાગોમાં બંધની કોઈ અસર રહી ન હતી. કોઈ પણ સમસ્યાને ટાળવા માટે દિલ્હીમાં મથુરા રોડ-કાલિંદી કુંજ વચ્ચે રોડ નંબર ૧૩ એ પર ટ્રાફિક મુવમેન્ટને બંધ કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત દિલ્હીના મેટ્રોના ૧૪ સ્ટેશનો પર એન્ટ્રી અને એગ્ઝિટ ગેટને બંધ કરવાની ફરજ પડી હતી. લાલ કિલ્લાની આસપાસ કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. દિલ્હી મેટ્રોના અનેક સ્થળોને બંધ કરવામાં આવ્યા છે. દિલ્હીના સીલમપુરમાં ૧૭મી ડિસેમ્બરના દિવસે થયેલી હિંસાના સંબંધમાં ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આની સાથે જ ઝડપાયેલા લોકોની સંખ્યા વધીને ૧૮ સુધી પહોંચી ગઇ છે. તમામ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થાને મજબુત કરવામાં આવી છે. હાલમાં બનેલા નવા નાગરિક કાનુનની સામે હિંસક પ્રદર્શન જારી છે. ગઈકાલે નાગરિક સુધારા કાનુનને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જુદી જુદી ૫૯ અરજીઓ પર સુનાવણી કરતી વેળા

● અનુસંધાન પાન-૭ પર

## નાગરિક્તા કાયદાના વિરોધ વચ્ચે કેજરીવાલની સરકારને અપીલ

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે દિલ્હીમાં થઈ રહેલા પ્રદર્શનો પણ જણાવ્યું કે, આજે દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. આજે દેશમાં ડરનો માહોલ છે. હું કેન્દ્ર સરકારને અપીલ કરું છું કે, આ કાયદો લાગુ કરવામાં ના આવે અને યુવાનોને રોજગારી આપે.

## ગુહાની ધરપકડથી મમતા ગિન્નાયા

દિલ્હી સહિત દેશભરમાં નાગરિકતા સંશોધન કાયદાને લઈને વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. બેંગલુરુમાં ગુરુવારે ઈતિહાસવીદ રામચંદ્ર ગુહા સહિત સંખ્યાબંધ લોકોની અટકાયત કરવામાં આવી હતી. ગુહાની અટકાયતને પગલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર પર નિશાન સાધ્યું હતું. મમતાએ કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર દેશના સૌથી વિદ્વાન ઈતિહાસકારથી ડરી ગઈ છે.

## હિંસક દેખાવોની સાથે સાથે

- લેફ્ટ વિંગ અને જુદા જુદા સંગઠનો દ્વારા બંધની હાકલ કરાઈ હતી જે દરમિયાન હિંસા
- દિલ્હીમાં મેટ્રોના ૧૯ સ્ટેશનો ઉપર એન્ટ્રી અને એક્ઝિટ ગેટ બંધ કરવાની ફરજ પડી
- દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાની આસપાસ કલમ ૧૪૪ લાગૂ કરાઈ
- યુપીના સંભલ અને લખનૌ સહિતના વિસ્તારોમાં હિંસા થઈ
- લખનૌના હસનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ચોકીમાં તોડફોડ કરાઈ
- વિરોધ પ્રદર્શન દરમિયાન લખનૌમાં પણ હિંસા થઈ
- સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટે વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા બાદ ઈન્ટરનેટ સેવાઓને આગામી આદેશ સુધી બંધ કરવાના આદેશ કર્યા
- કોંગ્રેસી નેતા હરિશ રાવત અને અન્ય નેતાઓએ બંધમાં જોડાયા
- કોંગ્રેસી નેતા સંદિપ દિક્ષીતને કસ્ટડીમાં લેવામાં આવ્યા
- દિલ્હીના કેટલાક વિસ્તારોમાં ઈનેટરનેટ સેવા બંધ કરવામાં આવી
- કાનૂન સામે વિરોધ પ્રદર્શન દરમિયાન જુદી જુદી કઠોર ધારાઓ અમલી કરવામાં આવી
- બંગાળમાં વિરોધ પ્રદર્શનમાં મમતા બેનર્જી ઉતરીને કેન્દ્ર પર પ્રહાર કરતા દેખાયા
- શાંતિ અને કાયદા તથા વ્યવસ્થાની સ્થિતિને જાળવવા પગલા લેવાયા
- અફવાઓને ધ્યાનમાં ન લેવાની પણ સૂચના આપવામાં આવી
- સીસીટીવીમાં ધ્યાન આપીને તોફાની તત્વોની ઓળખ કરીને સંપત્તિ જપ્ત કરવાની યોગી દ્વારા જાહેરાત કરવામાં આવી
- મમતા બેનર્જી બેંગ્લોરમાં સુધારા નાગરિક કાનૂન અને એનઆરસીની સામે દેખાવ કરતા રામચંદ્ર ગુહાને કસ્ટડીમાં લેવાતા નારાજગી વ્યક્ત કરી
- ઉત્તરપ્રદેશમાં ૨૦થી વધુ મોટરસાયકલ, ૧૦થી વધુ કાર, ૩ બસને આગ ચાંપવામાં આવી

## ન્યુઝ ટ્રેક

### સમગ્ર દેશમાં એક સમાન રાશનકાર્ડ

કેન્દ્ર સરકારે 'એક દેશ એક રાશન કાર્ડ'ની યોજના રજૂ કરી છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ૧૦ ડિજિટનો રાશનકાર્ડ નંબર જાહેર કરવાનો રહેશે. આ કાર્ડની નવી ડિઝાઈન રજૂ કરવામાં આવી છે.

### નિર્ભયા કેસના આરોપીની અરજી ફગાવાઈ

નિર્ભયા કેસના ચાર આરોપીઓ પૈકીના એક પવનકુમાર ગુપ્તાએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. સગીર વય મામલે તેણે કરેલી અરજી ફગાવી દિલ્હી હાઈકોર્ટે પવનકુમારના વકીલ પર કોર્ટનો સમય બર્બાદ કરવા માટે દંડ ફટકાર્યો છે.

### પિનાક મિસાઈલનુ સફળ પરિક્ષણ

ડીઆરડીઓએ પિનાક મિસાઈલ સિસ્ટમનુ સફળ ફરિક્ષણ કર્યુ છે. આ પરિક્ષણ ઓડીશાના તટ પર ચાંદીપુર રેન્જથી કરવામાં આવ્યુ. ૭૫ કિ.મી. સુધી તે હુમલો કરી શકે છે.

### ઓસ્ટ્રેલીયામાં ત્રણ લાખ લીટર પાણીની ચોરી

ઓસ્ટ્રેલીયામાં પાણીની ભારે કમી આવી છે. અહી દુષ્કાળ પડી રહ્યો છે. દુષ્કાળ વચ્ચે અહી ત્રણ લાખ લીટર પાણીની ચોરી થઈ હોવાનો બનાવ નોંધાયો છે.

### મુલાયમસિંહ હોસ્પિટલમાં દાખલ

સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવને લખનઉની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેઓની નાદુરસ્ત તબીયતના પગલે તેઓને હોસ્પિટલ લઈ જવાયા હતા.

### દિલ્હી-એનસીઆરમાં કાતિલ ઠંડી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે હવે લોકોની હાલત વધુને વધુ ખરાબ બની રહી છે. દિલ્હી - એનસીઆર વિસ્તારોમાં ધુમ્મસના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે.

# નાગરિક કાનૂન બાદ NRC પણ લાગૂ થશે : જે.પી. નડ્ડા

**અફઘાન શરણાર્થીઓ સાથે નડ્ડાની બેઠક : વોટબેંક રાજનીતિને છોડી આગળ આવવા વિરોધી તત્વોને નડ્ડાની અપીલ : મોદીના નિર્ણયો ભારતના વ્યાપક હિતમાં**

નવીદિલ્હી, તા. ૧૯

દેશના જુદા જુદા વિસ્તારોમાં જારી વિરોધ પ્રદર્શન વચ્ચે ભાજપે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, નાગરિક સુધારા કાનૂનને લાગૂ કરવામાં આવ્યા બાદ એનઆરસીને પણ લાગૂ કરવામાં આવશે. અફઘાનિસ્તાન શરણાર્થીઓ સાથે વાતચીત કર્યા બાદ ભાજપના કારોબારી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી જે પણ નિર્ણય કરે છે તે માનવતાવાદી અને દેશના હિતમાં હોય છે. તેઓ આ મંચ પરથી નાગરિક સુધારા બિલનો વિરોધ કરી રહેલા લોકોને કહેવા માંગે છે કે, વોટબેંકની રાજનીતિ છોડીને આગળ આવવાની જરૂર છે. વોટબેંક માટે માનવીય પક્ષની અવગણના કરવાની બાબત ખુબ ખતરનાક દેખાઈ રહી છે. ભાજપ હેડક્વાર્ટરમાં અફઘાનિસ્તાનના



શરણાર્થીઓ સાથે વાતચીત કર્યા બાદ પાર્ટીના કારોબારી પ્રમુખે કહ્યું હતું કે, દેશમાં સુધારવામાં આવેલા નાગરિક કાનૂનને લાગૂ કરવામાં આવશે. ભવિષ્યમાં એનઆરસીને પણ લાગૂ કરવામાં આવશે. નડ્ડાએ કહ્યું હતું કે, બિનજરૂરીરીતે સમાજ વિરોધી તત્વો તોફાન કરી રહ્યા છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી ધાર્મિક અત્યાચારનો સામનો કરીને આવેલા હિન્દુ, જૈન, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ સમુદાયના લોકોને ન્યાય આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભાજપના કારોબારી અધ્યક્ષે કહ્યું હતું કે, યોગ કરનાર લોકો જોઈ શકે છે કે, કઈરીતે ૩૦ વર્ષથી તે લોકો રહેતા હતા. પ્રમાણપત્રની પણ સ્થિતિ ન હતી. બાળકોને અભ્યાસ પણ કરાવી શકતા ન હતા. નડ્ડાએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મજબૂત ઈચ્છાશક્તિના કારણે જ સંસદમાં નાગરિક સુધારા બિલ પાસ થઈ શક્યું છે જેના સુત્રધાર ગૃહમંત્રી અમિત શાહ રહ્યા છે. ભારત મોદીના નેતૃત્વમાં મજબૂતી સાથે આગળ વધી રહ્યું છે. નાગરિકતા કાનૂન લાગૂ થશે અને મોડેથી એનઆરસીને પણ લાગૂ કરાશે.

# ભારતે સરહદ પર મિસાઈલો તૈનાત કરી છે : પાકિસ્તાન

**ભારત ઉશ્કેરણીજનક કૃત્ય કરી રહ્યું છે : કાશ્મીરમાં ગંભીર સ્થિતિથી દુનિયાનું ધ્યાન અન્યત્ર દોરવા પાકિસ્તાન પર ભારત હુમલા કરી શકે છે : પાકની દલીલો**

ઈસ્લામાબાદ, તા. ૧૯

પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહેમુદ કુરેશીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને એક પત્ર લખ્યો છે જેમાં દાવો કર્યો છે કે, ભારતે કાશ્મીરથી જોડાયેલી સરહદ ઉપર જુદા જુદા પ્રકારની મિસાઈલો તૈનાત કરેલી છે. કાશ્મીરની ગંભીર સ્થિતિથી દુનિયાનું ધ્યાન અન્યત્ર દોરવા માટે પાકિસ્તાન પર હુમલા કરવામાં આવી શકે છે. અત્રે નોંધનીય છે કે, આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતીય સેનાના વડા બિપીન રાવતે કહ્યું છે કે, સરહદ ઉપર સ્થિતિ કોઈપણ સમય બગડી શકે છે. સેના પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

એમ માનવામાં આવે છે કે, પાકિસ્તાન આર્મી ચીફના નિવેદનથી ભયભીત છે અને સુરક્ષા પરિષદમાં ખોટા નિવેદન કરવામાં આવી રહ્યા છે. ૧૨મી ડિસેમ્બરના દિવસે સુરક્ષા પરિષદ અને યુએન મહાસચિવના નામ પોતાના પત્રમાં કુરેશીએ કહ્યું છે કે, ભારતીય કાર્યવાહીથી દક્ષિણ એશિયામાં પહેલાથી જ ચાલી રહેલી હિંસા અને અન્ય સ્થિતિ વધે તેવી શક્યતા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કુરેશીએ પોતાના પત્રમાં દાવો કર્યો છે કે, ભારતે જુદા જુદા વિસ્તારમાં ટેસ્ટિંગ મિસાઈલો ગોઠવી દીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઝારખંડમાં આજે અંતિમ તબક્કાનું મતદાન

**૭ જિલ્લાની ૧૬ બેઠકો ઉપર સઘન સુરક્ષા વચ્ચે મતદાન થશે : અંતિમ તબક્કામાં પણ ઉંચુ મતદાન થાય તેવી શક્યતા : ૪૦ હજારથી વધારે જવાનો તૈનાત : ૨૩મીએ મતગણતરી**

રાંચી, તા. ૧૯

ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે ચાલી રહેલા મતદાનના ભાગરુપે આવતીકાલે પાંચમા અને અંતિમ તબક્કા માટે મતદાન થશે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા મતદાનની પ્રક્રિયાનો અંત આવશે. ઝારખંડમાં ભાજપ તેની સરકારને બચાવી શકશે કે કેમ તે બાબત અંગે માહિતી ૨૩મી ડિસેમ્બરના દિવસે મળી શકશે. કારણ કે આ દિવસે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાનાર છે. સ્વતંત્ર અને નિષ્પક્ષ મતદાનની ખાતરી કરવા માટે ૭ જિલ્લામાં રહેલી ૧૬ સીટો પર મતદાન થનાર છે. અગાઉના ચારેય તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ પાંચમાં અને અંતિમ તબક્કામાં પણ ઉચુ મતદાન થાય તેવી વકી છે. પાંચમા અને અંતિમ તબક્કામાં સોરેન પરિવારની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી ગઇ છે. આ તબક્કામાં સંથાલ ક્ષેત્રમાં વોટિંગ થનાર છે. અહીં સોરેન પરિવારના બે સભ્યો મેદાનમાં છે. જેએમએમના અધ્યક્ષ અને મુખ્યપ્રધાનના દાવેદાર ગણાતા હેમંત સોરેન બે સીટ પર ચૂંટણી લડી રહ્યા છે. દુમકા અને બરહેટ બેઠક પર પરિવારના સભ્યો ચૂંટણી લડી રહ્યા છે.

# ટ્રમ્પ સામે હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવમાં મહાભિયોગ પ્રસ્તાવ બહુમતિથી પસાર

**મોટાભાગના સાંસદોએ પ્રસ્તાવના પક્ષમાં વોટીંગ કર્યુ : પ્રસ્તાવના પક્ષમાં ૨૩૦ તથા વિરોધમાં ૧૯૭ વોટ : સત્તાના દુરઉપયોગનો આરોપ : હવે ઉપલા ગૃહ સેનેટમાં મહાભિયોગ ચાલશે, જ્યાં ટ્રમ્પનો પક્ષ બહુમતીમાં**

વૉશિંગ્ટન,તા.૧૯

સત્તાનો દુરુપયોગ કરવા




અને કોંગ્રેસ (અમેરિકી સંસદ)ની કામગીરીમાં અડચણ ઊભી કરવાના ગુનાસર સંસદના હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટિવ (પ્રતિનિધિ સભા)એ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈમ્પીચ કર્યા છે. સત્તાના દુરુપયોગ બદલ ટ્રમ્પને ઈમ્પીચ કરવા અંગેના મુદ્દે લેવાયેલા મતદાનમાં ૨૩૦ સભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મત આપ્યો હતો જ્યારે ૧૯૭ જણે વિરુદ્ધમાં મત આપ્યો હતો. હવે ટ્રમ્પને ઉપલા સદનમાં સીનેટમાં મહાભિયોગ પ્રક્રિયાનો સામનો કરવો પડશે.

બીજો મુદ્દો હતો કોંગ્રેસની કામગીરીમાં અવરોધ પેદા કરવાનો. એની પર થયેલા મતદાનમાં ૨૨૯ મત ટ્રમ્પની વિરુદ્ધમાં પડ્યા હતા અને ૧૯૮

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

વર્ષ-૨૦૨૦ ની ડાયરીઓ
રૂા.૭૫ થી રૂા.૧૫૦૦ સુધીની
૫૦ કરતાં વધુ વેરાઈટીઝ.
હોલસેલ ભાવે ઉપલબ્ધ.
પાવર બેંક/પેન ડ્રાઈવ સાથેની
ડાયરી - મંથલી પ્લાનર /
ઓરગેનાઈઝર વિ.
-: સંપર્ક :-
હેમાંગ આર.ગાંધી
રૂષભ એન્ટરપ્રાઈઝ,
સહજાનંદ કોમ્પલેક્ષ (ભોયરામાં)
સે.૩૦, ચાર રસ્તા પાસે
મો.૯૩૭૭૭ ૨૩૧૬૪

આ વેકેશન યુરોપ માં...
SUMMER 2020 IN EUROPE
R K VACATIONS PVT. LTD.
ONLY FOR ₹99,999 + GST થી શરૂ
The Europe Carnival
નહીં કોઈ એક્સટ્રા કિંમત છુપા ખર્ચ
૧૦૦% પારદર્શિતા જેન્યુન પેકેજ
અને ઘણાં બધા લાભ
+ 91 955 84 955 84
079 - 40 40 35 35